| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦ | |
|---|---|---|

તા.૦૨/૦૬/૨૦૨૦ મંગળવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-**

**સમાચાર યાદી નં.૮૯૧/૨૦૨૦**

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૧/૦૬/૨૦૨૦ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૮૪૮૦ | ૦ | ૮૪૮૦ | ૧૪૫૮૮ | ૦ | ૧૪૫૮૮ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPC અને The Epidemic Disease Act 2005 | ૪૨૧૯ | ૧ | ૪૨૨૦ | ૫૭૩૦ | 3 | ૫૭૩૩ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૨૬ | ૦ | ૨૬ | ૧૯૪ | ૦ | ૧૯૪ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૭૩૩૪ | ૭ | ૭૩૪૧ | ૮૨૭૯ | ૩૨ | ૮૩૧૧ |
| કુલ | | ૨૦૦૫૯ | ૮ | ૨૦૦૬૭ | ૨૮૭૯૧ | ૩૫ | ૨૮૮૨૬ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૨૪૧ | ૫૯,૮૦૦/- |

# <u>શ્રમિકો માટે નાસ્તા-પાણીની વ્યવસ્થા</u>

**<u>કાલુપુર પોલીસ સ્ટેશન :-</u>**

કાલુપુર પોલીસ સ્ટેશન દ્વારા ટ્રેન મારફતે વતનમાં જતા શ્રમિકો માટે પાણી નાસ્તાની વ્યવસ્થા કરવામાં આવેલ






# લુંટના ગુનાના આરોપીઓની અટકાયતની વિગત

## કૃષ્ણનગર પોલીસ સ્ટેશન :-

## મેઘાણીનગર પો.સ્ટે ના લુંટના ગુન્હામાં નાસતા-ફરતા આરોપીને પકડી પાડતી કૃષ્ણનગર પોલીસની સર્વેલન્સ ટીમ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા સંયુકત પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "જી" ડિવીઝન નાઓએ ઉપરી કચેરી તરફથી કોરોના વાયરસ COVID-19 ની વૈશ્વીક મહામારીને લઇને પ્રોહીબીશન ની તેમજ વાહન ચેકિંગ ની ડ્રાઇવ નું આયોજન કરેલ હોય જે અનુસંધાને કૃષ્ણનગર પો.સ્ટે.ના પો.ઇન્સ શ્રી જે.કે.રાઠોડ સાહેબ નાઓના મૌખીક હુકમ આધારે પો.સ્ટે વિસ્તારમાં સતત પેટ્રોલિંગમાં તેમજ વાહન ચેકિંગમાં હાજર હતા દરમ્યાન ક,૨૨/૦૫ વાગે સાથેના લોકરક્ષક અવિનાશસિંહ ઇન્દ્રસિંહ નાઓને ખાનગી બાતમી હકિકત મળેલ કે " મેઘાણીનગર પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં-૦૧૦૯૭/૨૦૨૦ ધી.ઇ.પી.કો.કલમ-૩૯૪,૩૨૩,૨૯૪(ખ),૧૧૪ તથા જી.પી.એકટ કલમ-૧૩૫(૧) મુજબના કામે આરોપી સુરજ રામચંન્દ્ર મિશ્રા રહે,અશોક શર્મા ની ચાલી ભાર્ગવ રોડ મેઘાણીનગર અમદાવાદ શહેર નાઓએ તેના મિત્ર રોશનસિંગ નરેન્દ્રસિંગ સોલંકી રહે,શિવ એપાર્ટમેન્ટ નોબલ સ્કુલ કૃષ્ણનગર અમદાવાદ નાઓની સાથે મળી ઉપરોકત ગુન્હો કરેલ હોય જેમાં સહ આરોપી રોશનસિંગ નરેન્દ્રસિંગ સોલંકી નાનો જેણે શરીરે મહેંદી કલરના ફુલળા વાળો શર્ટ તથા બ્લ્યુ કલરનું જીન્સ નું પેન્ટ પહેરેલ છે તે ઇસમ હાલમાં બાપા સિતારામ ચોક પાસે આવેલ હોન્ડા શો-રૂમ આગળ ઉભો છે" જે બાતમી હકિકત આધારે સહ આરોપીને વોચમાં રહી પકડી પાડી તા,૩૧/૦૫/૨૦૨૦ ના ક,૨૩/૧૫ વાગે અટક કરી મેઘાણીનગર પો.સ્ટે વર્ધી લખાવી સારી કામગીરી કરેલ છે

## આરોપીનું નામ :-

રોશનસિંગ સ/ઓ નરેન્દ્રસિંગ જાતે સોલંકી(રાજપૂત) ઉ.વ.૨૯ રહે,મ.નં-૪/૫૫,શિવ એપાર્ટમેન્ટ નોબલ સ્કુલ ની બાજુમાં કૃષ્ણનગર અમદાવાદ શહેર

## કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

સર્વેલન્સ સ્કોર્ડ પો.સબ.ઇન્સ શ્રી વી.એમ.ગોહિલ તથા અ.હેડ.કોન્સ જીતેન્દ્રસિંહ જ્ઞાનસિંહ બ.નં-૯૧૧૧ તથા અ.પો.કોન્સ હિતેશકુમાર ગોકળભાઇ બ.નં-૯૯૯૪ તથા અ.પો.કોન્સ હિરેનકુમાર મધુસુદનભાઇ બ.નં-૧૧૮૦૨ તથા અ.પો.કોન્સ સંજયસિંહ ભરતસિંહ બ.નં-૧૦૧૮૮ તથા લોકરક્ષક લાલાભાઇ દેવાભાઇ બ.નં-૪૮૩ તથા લોકરક્ષક અવિનાશસિંહ ઇન્દ્રસિંહ બ.નં-૫૦૯ તથા બીજા સ્ટાફના માણસો



**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૮૯૨/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૯ કેસ કરી, ૪૪ વ્યક્તિઓને ઝડપી, ૨૪૧ લીટર દેશી દારૂ અને ૧ સ્કૂટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૨ કેસ કરી ૮ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૭૫૮૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૮૯૩/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૫ વ્યક્તિની અટકાયત કરી હતી.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૮૯૪/૨૦૨૦**

**વાડજઃ** અર્પણ અનીલ (ઉ.વ.૩૧) (રહે. મારૂતિ ટાવર સિધ્ધી વિનાયક કોમ્પેક્ષ સામે શીવરંજની ચાર રસ્તા સેટેલાઇટ) એ તા.૦૧/૦૬/૨૦૨૦ નારોજ વાડજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૮/૦૫/૨૦૨૦ થી તા.૦૧/૦૬/૨૦૨૦ સુધીના સમયગાળા દરમ્યાન જુના વાડજ સિન્ધી હાઇસ્કુલ પાસે નવરુપ સોસાયટી શાંતિનગર ખાતે અર્પણ અનીલના સબંધીના મકાનમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી સેમસંગ કંપનીનુ ૪૦ ઇંચનુ સ્માર્ટ ટી.વી. કિમત રૂપિયા ૧૫,૦૦૦/-, ઘરના મંદિરમાથી સોના-ચાંદીના દાગીના મળી કિમત રૂપિયા ૧૬,૫૦૦/- અને રોકડ રૂપિયા ૨૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૫૧,૫૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.આર.મીશ્રા ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૮૯૫/૨૦૨૦**

**અમરાઇવાડીઃ** વિધીબહેન ડો/ઓ બળદેવભાઇ રાઠોડ (ઉ.વ.૧૭) (રહે. જવાહરનગર ઇન્દીરાનગર પાસે અમરાઇવાડી) એ અગમ્ય કારણસર તા.૩૧/૦૫/૨૦૨૦ રાતના ૧૧/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે અમરાઇવાડી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મહેન્દ્રસિહ રામસિહ ચલાવે છે.

**નારોલઃ** મનિષાબહેન વા/ઓ અજયભાઇ મકવાણા (ઉ.વ.૨૦) (રહે. ભોયવાસ શાહવાડી ગામ નારોલ) એ અગમ્ય કારણસર તા.૦૧/૦૬/૨૦૨૦ બપોરના ૧/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં સાડી બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.એ.કુલધારા ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી